






બધાં કાલીમંદિરે 'રામકૃષ્ણ' આમ હોય છે,
ને રામમંદિરોમાં 'જલારામ' ધામ હોય છે,
રાધાકૃષ્ણ સાથે શ્રી પ્રમુખ સ્વામીનારાયણ -
શ્રધ્ધા અને સબૂરી સાથે 'સાંઇ-રામ' હોય છે..
(ભગવાન ને સંતો અધિક પ્રિય છે.)




મેલી મુરાદો,
કપટનું કાશ્મીર -
ધોવાઇ ગયું!
(જેલમનું તાંડવ)

પેટા ચૂંટણી!
બરોડા ની જનતા -
નાખે નિસાસો!
(છેતરાયા ની અનુભૂતિ!)

## ચિંતન

**લભતે સિકતાસુ તૈલમપિ યત્નતઃ પીડયન પિબેચ મૃગતૃષ્ણિકાસુ સલિલં પિપાસાર્દિતઃ ।**
**કદાચિ દપિ પર્યટચ્છરાવિષાણ માસાદ્યેત ન તુ પ્રતિનિવિષ્ટ મૂર્ખજન ચિત્ત મારાધયેત ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના દ્વિતીય પ્રકરણ 'કુંપંડિત નિંદા'માંથી આ શ્લોક છે.

રેતીને ઘાણીમાં પીલવામાં આવે તો કદાચ એમાંથી પણ તેલ મળી પણ જાય! તરસથી પીડાતો (રણમાં ભટકતો) માણસ કદાચ ઝાંઝવાનાં જળ પી ને તૃપ્તિ પણ પામી શકે - અને વનમાં ભટકતો માણસ કદાચ શીંગડાંવાળાં સસલાંને શોધી પણ કાઢે! પરંતુ જેણે પોતાની રીતે જ સત્ય શોધીને તેના અર્થને પકડી રાખ્યો છે એવા મૂર્ખજનને ચિત્તને રીઝવી શકાય નહીં - સમજાવી શકાય નહીં..

કેટલાક લોકો જક્કી અને જડ સ્વભાવના હોય છે એણે પોતે પોતાની બુદ્ધિ અનુસાર જે સત્ય શોધ્યું છે તેને જ વળગી રહે છે પછી ઘણા લોકો તેમને સર્વ સ્વીકૃત સમજાવે છતાં એ પોતાના નક્કી કરેલાં સત્ય પર જ મક્કમ રહે છે આવા માણસો પોતાનો સ્વભાવ ટેવો, આચરણ બીજાને અનુકૂળ થવા પણ બદલતાં નથી જીવનમાં બાંધછોડ, અનુકૂલન, વ્યવહારુ થવું ખૂબ જ જરૂરી અને મહત્ત્વનું છે, પણ આવાં લોકોને સમજાવે કોણ!

## સુવિચાર

- રફતાર ઝીંદગી કી કુછ યું બનાવે રખીયે, કી દુશ્મન કોઇ આગે નિકલ ના પાયે, ઔર દોસ્ત કોઇ પીછે છૂટ ના જાયે - **એસ.એમ.એસ.**
- શિક્ષણ સૌથી સારો મિત્ર છે, શિક્ષિત વ્યક્તિને બધે જ સન્માન મળે છે, શિક્ષણ સૌંદર્ય અને યૌવન બેવને હરાવી દે છે - **ચાણક્ય**
- જયારથી એ જણ કશાકની શોધમાં છે.. ત્યારથી આખું જગત વિરોધમાં છે - **અનિલ ચાવડા**
- યુવાન વ્યક્તિએ પ્રગતિ અને સફળતા માટે બને એટલો સતત, નિરંતર પોતાની જાતનો સુધારો કરવો જોઇએ - **અબ્રાહમ લિંકન**
- એકલી દરિદ્રતાના દર્દની દવા મળશે, પરંતુ તેની સાથે આળસનો રોગ જોડાયો હશે તો તે અસાધ્ય બની જશે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીંદગી ટૂંકી છે હું એને દુશ્મનો બનાવવા કે કરેલા ગુનાઓની યાદમાં પસાર કરવા ઇચ્છતો નથી - **શ્રી અરવિંદ**
- ચારિત્ર્ય વિનાની બુદ્ધિ આપણને પતન તરફ ધકેલે છે - **જનકલ્યાણ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણા ઘરોમાં નણંદ-ભોજાઇ-સાસુ હોય તો પણ કામકાજ કે કોઇ પણ નાની-મોટી વાત માટે ખટરાગ-અશાંતિ રહે છે તો જયાં ઘણી બધી સ્ત્રી સાથે રહેતી હોય એ ઘરના હાલ શું હશે?

નમિનાથ રાજાના અંતઃપુરમાં દેશ-વિદેશની અનેક સ્વરૂપવાન રાણીઓ હતી અને રાજાને વહાલી થવા બધીયુંમાં સદાય ખટપટ થતી. રાજા જેની પાસે જાય ત્યાં એને સદાય કંકાસ-ખટપટ અને ફરિયાદો જ સાંભળવા મળે રાજા આ બધું સાંભળી ખૂબ કંટાળી ગયો - એને માથામાં સખત દુખાવો ઉપડયો.

રાજવૈદે સલાહ આપી મહારાજ! સાચું ચંદન ઓરસિયા પર ઘસી એનો લેપ માથે લગાડો!

બધી રાણી ચંદન ઘસવા લાગી. રાણીઓએ પહેરેલાં રત્ન કંકણનો અવાજ આવવા લાગ્યો. બંગડીઓ અવાજ ખૂબ મોટો હતો. રાજાએ ફરિયાદ કરી આ ઘંટડીઓના અવાજ કયાંથી આવે છે?

રાણીઓ સમજી ગઇ - બે-બે કંકણ પહેર્યાં હતાં એમાંથી દરેકે એક-એક કંકણ ઉતારી નાખ્યું - હવે ચંદન ઘસવામાં અવાજ બંધ થઇ ગયો.

રાજાએ પ્રધાનને પુછ્યું - અવાજ બંધ કેમ થઇ ગયો? પ્રધાન કહે મહારાજ - રાણીઓએ એક-એક કંકણ કાઢી નાખ્યું - બે હોય તો અવાજ થાય!!

રાજાને દિવ્યજ્ઞાન થયું - એકમાં શાંતિ, બેમાં અશાંતિ.

Email - sureshchandrabhatt18@gmail.com

# વનરાજીમાં પંખીઓનો કિલ્લોલ વધી ગયો હતો, અચાનક ઝાડીમાં કોઈ પ્રાણી પસાર થયું હોય એવું મને લાગ્યું, દૂરથી કુતરા જેવું લાગતું હતું પણ કૂતરું તો નહોતું

'હેમાજી, શું થયું કેમ આમ ગભરાયેલા લાગો છો.'

'સાહેબ ઈન્દ્રોડા બાજુ દિવાલનું કામ બંધ થઈ ગયું છે.'

'કેમ?'

'લોકોનું ટોળું આવ્યું હતું. મેં ઘણાં સમજાવવાની કોશિષ કરી પણ માનતા જ નથી.'

'તો હવે'

'તમારે આવવું પડશે.'

'સારું, ચાલો તમે પહોંચતા થાવ હું આવું છું.' એમ કહી હું મારા રોજીંદા રીપોર્ટ તૈયાર કરવામાં લાગ્યો. ત્યાં ઓફીસની ફોનની ઘંટડી રણકી ઊઠી.

ટ્રીનન... ટ્રીન...

ફોન ઉપાડતાં જ સામે આત્મારામનો અવાજ આવ્યો. 'સાહેબ જલ્દી આવો. ગામ લોકોનું ટોળું ભેગું થઈ ગયું છે. ચણેલી દિવાલ પાડે છે.'

'સારું હું આવું છું.' કહેતા મારું કામ મુકી મેં રાજદૂતને કીક મારી.

'જ' રોડ પર ઈન્દ્રોડા ગામ તરફ જતાં દિવાલ ચણાતી હતી ત્યાં આવ્યો ને જોયું તો ટોળું જતું હ્યું હતું. દસ પંદર મીટર જેટલી ચણેલી દિવાલ પાડી હતી. આત્મારામ અને હેમાજી ઉભેલા હતા.

'બધાં જતા રહ્યાં?'

'હાં, તમે આવો છો એ જાણ થતાં ટોળું વિખરાઈ ગયું.'

'ઠીક છે. આપણે કામ શરૂ કરો. હું અહીં રોકાઉં છું.' મેં કહ્યું.

'સાહેબ, આ બધા માથાભારે લોકો છે. તમને કંઈ વગાડી બેસે તો.'




'હેમાજી ડરીને નોકરી ન થાય. પડશે એવા દેખાશે. એક કામ કરો તમારે જવું હોય તો જાવ, હું ને આતાજી છીએ.' રજા મળતાં હેમાજી મોટી ડાફો ભરતા ચાલતા થયા. કડીયા અને મજૂરો ફરીથી કામે લાગી ગયા. દિવાલ ચણવાનું કામ ચાલું થઈ ગયું.

'આતાજી મને એ સમજાતું નથી કે ગામલોકોની માંગ મુજબ ગામ નજીકનો ભાગ આપણે છોડી દીધો હવે નક્કી થયા મુજબ દિવાલ બને છે. એમાં આ લોકોને વાંધો શું?' મેં પૂછ્યું.

'સાહેબ, ગામનાં ઘણાં પ્રશ્નો છે. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનને બિલકુલ અડીને આવેલાં ઈન્દ્રોડા અને ધોળાકુવા ગામો આમ તો ગાંધીનગર સાથે ભળેલા છે. પરંતુ ગાંધીનગરના વિકાસની સાથે આ ગામોનો કોઈ વિકાસ થયો નથી. ગામમાં ઠાકોર, રાવળ, દલીતો, દેવીપૂજકો અને મુસ્લિમો તેમજ રબારી જાતિના લોકોની સાથે સાથે અન્ય રાજયોમાંતી આવીને વસેલાં રાજસ્થાની, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ કે બિહારના લોકોએ તેમનો વસવાટ કર્યો છે. ગામ તળની જમીન સિવાય કોઈ પણ પ્રકારની જમીનની માલિકી નથી ધરાવતાં અથવા સરકારી જમીનમાં ગેરકાયદેસર ઝૂંપડાં કે નાના મકાનો બાંધી વસતાં અમારાં લોકોમાં શિક્ષણ, આરોગ્ય, રોજગારી માટેના ખુબ જ અલ્પ અને અપૂરતાં સાધનો અને સુવિધાઓને કારણે કુદરતી હાજરે જવાની સુવિધા જેવી પ્રાથમિક સુવિધાથી વંચિત, અશિક્ષિત, અનેક પ્રકારના રોગો અને દુષણોથી પીડાતા મજબૂર માનવીઓની વસાહત સમાન આ ગામો છે એ બધા બળતણ અને ઘાસચારા માટે સંપૂર્ણપણે આ પાર્ક પર આધારિત છે.

'પણ ગામના ઘણા લોકોને આપણે રોજગારી પણ આપીએ છીએ. પછી આવું નુકશાન કરે તે કેમ ચલાવી લેવાય?'

'સાહેબ તમારી વાત સાચી છે. ગામના મોટા ભાગના કુટુંબોમાંથી એકાદ વ્યક્તિ અહીં રોજી મેળવે છે. પણ તેમની પ્રાથમિક જરૂરિયાતો માટે આ પાર્ક સિવાય કોઈ આધાર નથી. તેમને એમ લાગે છે કે જો દિવાલ બની જશે તો આપણે બળતણને ઘાસચારો કયાંથી લાવીશું? કુદરતી હાજતે કયાં જઈશું. તેથી એ બધાં આવું કરે છે.'

'આવું કયારથી છે? પાર્કની બાઉન્ડ્રી પહેલાંનો બહુ દૂર સુધી હતી. ત્યારે આ પ્રશ્નો નહોતા?'

'હતા ને, ત્યારે પણ આવું જ હતું. પણ જંગલખાતાના મોટા સાહેબોએ મોટાં મોટાં સપના દેખાડેલાં. ગાંધીનગર બનતુ હતું તેથી જેની જમીનો હતી. તેમને વળતર મળેલા તેમજ નાની મોટી નોકરીઓ મળેલી તેથી બધા કામે વળગેલાં. પણ તેમનાં પ્રશ્નો તો ઠેરનાં ઠેર જ હતા. તેણે હવે મોટું રૂપ લીધું છે. ગામનાં ઘણા જુવાનિયા બેકાર રખડે છે. જે લોકોને નોકરીઓ મળેલી તે વર્ષો વિતવાની સાથે નિવૃત્ત થયા છે કે થવાની તૈયારીમાં છે. તેમના છોકરાંઓની રોજગારીનો પ્રશ્ન પણ છે. કેમ કે જિંદગી આખી વર્ગ-૪ના કર્મચારી તરીકે માળી, ડ્રાઈવર, પ્લમ્બર કે પટ્ટાવાળા તરીકે કામ કરતાં લોકોના છોકરાઓ ખાસ કંઈ ભણ્યા નથી. તેથી કોઈ રોજમદાર તરીકે અથવા સરકારી કચેરીઓમાં ઉચ્ચક પગારથી મજુરી કરે છે. તેમના ઘરની સ્ત્રીઓ નજીકના સેકટરમાં વાસણ-કપડાં કે સાફસફાઈ કરવા બંગલાઓમાં જાય છે. તેથી તેમનાં બાળકોના શિક્ષણ અને આરોગ્ય જોખમાય છે. પરિસ્થિતિ ખુબ ખરાબ છે. નશા માટે દારૂ ગાળવા કે નાની મોટી ચોરી કરતાં તત્ત્વો પણ અહીં વસવાટ કરે છે. પણ ઊંડા ઉતરીને જોવામાં આવે તો એ તેમની મજબુરી હોય તેમ જણાઈ આવે છે. ગુજરાતના પાટનગરનો થઈ રહેલો વિકાસ તેમને આંજી શકે તેમ નથી. કારણ કે તેમના જીવનમાં અંધકાર છે. દિવા તળે અંધારા જેવી પરિસ્થિતિ આ ગામોમાં જોવા મળે છે. જયારથી અહીં પાર્ક બન્યો છે અને તેનો વિકાસ થતો રહ્યો છે. ત્યારથી તેઓ મીટ માંડીને બેઠાં છે પરંતુ તેમના વિકાસની, તેમની જરૂરિયાતોની કે તેમની મજબુરીનો કોઈએ વિચાર સુદ્ધા કર્યો નથી.'

'તમે હમણાં મને કહેતા હતા કે હરણોદ્યાન બન્યું ત્યારે જંગલખાતાના મોટા સાહેબોએ સપનાં દેખાડ્યાં એ કયાં સપનાં હતા?'

'જવા દો ને, સાહેબ, કંઈ વાત કરવા જેવી નથી. આ બોટનીકલ ગાર્ડન છે. એ જમીન મારા બાપા ખેડતા. તેમને વળતર એટલું ઓછું મળ્યું કે કયારે વપરાઈ ગયું એની ખબર પડી જ નહીં. એવું તો બધાને થયું છે. સાહેબોએ તો કહેલું કે અહીંયા કોલોની બનશે. સારી સારી નોકરીઓ મળશે. અને આજ વીસ વરસથી મજુરી કરીએ છીએ. અહીં પાજરાં બન્યાં, હરણ આવ્યાં. એ વખતે બહુ મોટો જલસો થયેલો. રાજયપાલ આવેલા તેમની સાથે નેતાઓ અને મોટા મોટા સાહેબોની લાલ લાઈટવાળી ગાડીઓ જોઈને એમે તો અંજાઈ જ ગયેલાં. તે પછી ધોળાકુવાથી ઈન્દ્રોડા ગામ અને અત્યારે પ્રવાસન નિગમની હોટલ છે તેની પાછળ કિલ્લા સુધીનો બધો વિસ્તાર કાંટાળા તારની વાડ કરી જંગલ ખાતાએ વાળી લીધેલો. એ તો ભલું થજો આ ડાયરેકટર સિંગ સાહેબનું કે ગામ લોકોની વાત સાંભળી ને આ જમીન છોડીને દિવાલ બનાવવાનું નક્કી કર્યું.'

'હું એ જ કહું છું. આતાજી તમારે ગામના લોકોને આ વાત સમજાવવી જોઈએ. હવે વિરોધ કરે ને દિવાલ તોડે એ ન ચાલે.'

'તો શું કરે વસ્તી વધી તેમ પ્રશ્નો પણ વધ્યા છે. થોડા દિવસ પહેલાંની જ વાત છે. ધોળાકુવા ગામનું સ્મશાન નદી કિનારે છે. ત્યાં જવા માટે પાર્કમાં થઈને જ જવું પડે છે. સાહેબના કહેવાથી હેમાજીએ બાજુનો રસ્તો બંધ કરેલો. ગામ લોકો ઠાઠડીને લઈને જાય કયાં?' બહુ મોટો હંગામો થયેલો. લોકો કહેતા હતા કે આ પાર્કવાળા અને સરકાર અને હખે જીવવા તો નથી દેથી પણ મર્યા પછી બાળવા જવામાં પણ વાંધા પડે છે. એટલે મરવા પણ નથી દેતી એવું લાગે છે.'

'આતાજી, લોકોનો એ બળાપો સાવ ખોટો પણ નથી. પણ સ્મશાને જવાનો એકવાર હક મળી જાય પછી પાર્કમાં રસ્તો ખુલ્લો થઈ જાય અને તેનાથી પાર્કને નુકશાન થાય કેમ કે બીજાં દુષણો પણ એ રસ્તે પાર્કમાં પ્રવેશે એ પણ ખરું કે નહીં?'

'તો પછી સરકારે કે પાર્કના વહીવટ કરનારાઓએ ગામ વાસીઓના પ્રશ્નોનો કંઈક વિચાર કરી તેનો ઉકેલ લાવવો પડે. નહીંતર સાહેબ આવું જ થવાનું.'

'તમારા ગામમાં કોઈ આગેવાન ખરા?'

'હાં કેમ નહીં અમારા જુગાજી મુખી.'

'એ રજૂઆત કરે તો કંઈક થાય.'

'સાહેબ, રજૂઆતો કરી કરીને તો અમારા જોડાં ઘસાઈ ગયાં. પણ અધિકારીઓના બહેરા કાને વાત પહોંચતી જ નથી.'

'આતાજી, આ પાર્ક બન્યો ત્યારે આવી જ ઝાડી હતી કે પછી...'

'પહેલાં તો સાવ ખુલ્લું હતું. કયાંક કયાંક ઝાડી ઝાંખરાં હતા. એટલે કુદરતી હાજતે લોકો આવતા તેને કોઈ રોકતું નહીં. પછી જંગલ ખાતાએ અહીં વાવેતર કર્યા. નદી કિનારે નિલગીરીમાં પ્લાન્ટેશન થયાં. તે ઉપરાંત ઈઝરાયેલી બાવળ, કાશીદ, ગરમાળા, લીમડાના પ્લોટ પણ બનાવેલા. પણ લોકોની અવરજવર નહીંવત તેથી ગામ લોકોએ બહુ રોટકોક થતી નહીં. પણ હવે તો હદ થવા માંડી છે. તેથી લોકો ગુસ્સે થાય છે. એ ગુસ્સો આપણી આ દિવાલ પર આજે ઊતાર્યો બીજું કરે પણ શું?'

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ઔરત કી ઝિંદગી આસાન નહીં!

## વિચારયાત્રા

- ડૉ. જય ઓઝા

દેહ મેરી,
હલ્દી તુમ્હારે નામ કી ।
હથેલી મેરી,
મેહંદી તુમ્હારે નામ કી ।
સિર મેરા,
ચુનરી તુમ્હારે નામ કી ।
માંગ મેરી,
સિન્દૂર તુમ્હારે નામ કી ।
માથા મેરા,
બિંદિયા તુમ્હારે નામ કી ।
નાક મેરી,
નથની તુમ્હારે નામ કી ।
ગલા મેરા,
મંગલસૂત્ર તુમ્હારે નામ કી ।
કલાઇ મેરી,
ચૂડિયાં તુમ્હારે નામ કી ।
પાંવ મેરે,
મહાવર તુમ્હારે નામ કી ।
ઉંગલીયાં મેરી,
બિછુએ તુમ્હારે નામ કે ।
બડોં કી ચરણ વંદનાં મૈં કરું,
ઔર 'સદા સુહાગન' કા આશિષ
તુમ્હારે નામ કા ।
ઔર તો ઔર
કરવાચૌથ/બડમાવસ કે વ્રત ભી
તુમ્હારે નામ કે ।
યહાં તક કિ
કોખ મેરી/ખૂન મેરા/દૂધ મેરા,
ઔર બચ્ચા?
બચ્ચા તુમ્હારે નામ કા ।
સબ કુછ તો
તુમ્હારે નામ કા...
ઘર કે દરવાજે પર લગી
'નેમ-પ્લેટ' તુમ્હારે નામ કી ।
ઔર તો ઔર
મેરે અપને નામ કે સમ્મુખ
લિખા ગોત્ર ભી મેરા નહીં,
તુમ્હારે નામ કા ।
સબ કુછ તો
તમ્હારે નામ કા ।
Namrata se puchti hu ?
આખિર તુમ્હારે પાસ...
કયા હૈ મેરે નામ કા ?

તમે કયારેય એવો પુરૂષ નિહાળ્યો છે - જે સેંથામાં સિંદૂર પૂરતો હોય? સ્ત્રીઓ તો ઘણી જોઇ હશે, મંગળસૂત્ર ધારણ કરેલી... કોઇ એવો પુરૂષ ભાળ્યો છે - જે ગળામાં મંગળસૂત્ર - સુહાગની નિશઆની કે એવું કશું ધારણ કરતો હોય? પુરૂષની પૂર્તિમાં સ્ત્રીઓની વાત કરવાનું કારણ એટલું જ કે અસલી પુરૂષ એ છે જે વાસ્તવિકતા સ્વીકારે. આપણે અહીં પુરૂષને થતાં અન્યાયની, પિતાને થતા અન્યાયની અને માતાની મળતી વધુ પડતી ફેવર વિશે ઘણી વખત વાત કરી છે. પણ મર્દાનગી તો એમાં છે જયારે આપણે સામા પક્ષની સાચી વાત પણ તટસ્થ ભાવે સ્વીકારીએ.

આપણા નિયમો, આપણી પ્રથાઓ, આપણા રીતિરિવાજો ઝાઝા ભાગે પુરૂષોએ ઘડ્યા છે અને ધ્યાનથી જુઓ તો ખ્યાલ આવશે કે તેમાં પુરૂષનો પ્રભાવ પણ દેખાતો જ હોય છે. વીસ બાવીસ કે પચ્ચીસ - ત્રીસ વર્ષ સુધી સ્ત્રીના નામ પાછળ એક અટક લાગતી હોય છે. વન ફાઇન મોર્નિંગ... બધું બદલાઇ જાય છે. નામ પાછળ લાગતી અટક બદલાઇ જાય છે. કેટલીય કોમનાં લગ્ન પછી નામ પણ બદલાઇ જાય છે. સિંધીઓમાં લગ્ન સમયે નવી રાશિ કાઢવામાં આવે છે સ્ત્રીઓ માટે. પિયરનું નામ પછી ભૂતકાળ બની જાય છે. કોઇ કોઇ કોમમાં તો ગોત્ર પણ ચેન્જ થઇ જાય છે. આખી નવી જ ઓળખ. કહો કે, જાણે નવો જ જન્મ થયો હોય! અનેક કુટુંબોમાં તો ઇશ્વર પણ બદલાઇ જાય છે. પિયરમાં કૃષ્ણને ભજ્યા હોય તો સાસરે રામને જ ભજવા પડે. પિયરમાં ભલે લાલાની ચાકરી કરી હોય તો સાસરે મહાકાલીને જ નમવું પડે. ચાર ફેરા ફરવામાં આવે અને સ્ત્રીનું આખું વિશ્વ બદલાઇ જાય! સહેલું નથી હોતું. ઓવરનાઇટ બધું બદલાઇ જતું હોય છે. પ્રસ્તુત કાવ્યમાં એ વિશે જ વાત થઇ છે. તમે સ્ત્રી પરણેલી છે કે નહીં એ તો પળભરમાં કહી શકશો. તેણે સેંથો પૂર્યો છે કે નહીં, ગળામાં મંત્રળસૂત્ર ધારણ કર્યું છે કે કેમ? પણ સવાલ એ છે કે, શું પુરૂષ માટે આવા કોઇ પ્રતીકનો શિરસ્તો હોય છે? ના. બિલકુલ નહીં.

લગ્ન પછી સ્ત્રીની આખી લાઇફ, લાઇફ સ્ટાઇલ... બધું જ બદલાઇ જાય છે. પિયરમાં સવારે એ આઠ-નવ વાગ્યે ઊઠો તો ચાલે, સાસરે આવા 'નખરા' ચાલતા નથી. કોઇ ઘરમાં છના ટકોરે તો કયાંક સાતના ટકોરે ઊઠી જવું પડે છે. દિવસ વહેલો શરૂ થાય છે અને મોડો ખતમ થાય છે. કોઇ વિકલ્પ નથી. તબિયત નરમ હોય અને મૂડ સાવ જ ન હોય તો પણ પથારીમાંથી ઊભા થઇને રસોડા તરફ ઘસી જવું પડે છે. પિયરની બહેનપણીઓ પિયરમાં જ મૂકીને આવવું પડે છે. સહેલીઓની મસ્તી માત્ર અને માત્ર વ્હોટ્સ એપ કે ફેસબુક પૂરતી મર્યાદિત રહી જાય છે. એમાં પણ સાસરિયાંઓ નાક ચડાવે છે. 'બહેન બા આખો દિવસ હાથમાં મોબાઇલ ઝાલીને જ બેઠાં હોય...' કે 'આ બહેનબાએ તો મોબાઇલ સાથે જ પરણી જવાની જરૂર હતી...' જેવા સંવાદો આજકાલ ઘર-ઘરમાં બોલાતા હોય છે. બીજી તરફ પુરૂષ છે. લગ્ન પછી તેની દુનિયા પણ બદલાય છે, પરંતુ એ ઘરમૂળથી બદલાઇ જતી નથી. મિત્રોને મળવાનું ચાલું રહે, મફેફિલો બંધ થતી નથી. સ્ત્રીની હોમ મેકર તરીકેની નોકરી ૩૬૫ દિવસની હોય છે.

પુરૂષની લાઇફ સમૂળગી બદલાઇ જતી નથી. લગ્ન પછી પણ એ આઝાદ પંખીની માફક જીવી શકતો હોય છે. તેનું નામ બદલાતું નથી. અટક બદલાતી નથી. એના લુકમાં કોઇ જ પરિવર્તન આવતું નથી. તેને સુહાગની કોઇ નિશાની ધારણ કરવાની રહેતી નથી. આસાન નથી. એક રેશનકાર્ડમાંથી નામ કરી કરીને પતિના રેશનકાર્ડમાં નામ ઉમેરવાવું... વાત એટલી સહેલી નથી. ઘણું બધું બદલાઇ જતું હોય છે. પિતાના રેશનકાર્ડમાંથી નામ નીકળે છે પણ પિયરના હૃદયમાં તેનું સ્થાન અખંડ-અવિચળ હોય છે. સમસ્યા એ છે કે, સાસરિયાનાં રેશનકાર્ડમાં નામ ઉમેરાયા પછી પણ ત્યાં સ્થાન બનાવવા તેણે અનેક પ્રકારે પરિશ્રમ કરવો પડે છે. કોઇ વખત લાખ પ્રયત્નો પછી પણ ત્યાં સ્થાન બની શકતું નથી !

# શ્રી વનિતાબેન દુધૈયા : તેઓ પ્રતિભાશાળી મહિલા કાર્યકર છે અને મહિલા ઉત્કર્ષની પ્રવૃત્તિમાં વિશેષ સહભાગી બને તેવી શુભેચ્છા

## મોંઘેરા મોતી

-નટવર આહલપરા

પોરબંદર મુકામે મોટા ઉદ્યોગો તો ઘણાં સ્થપાયા છે. પરંતુ મહિલાઓને ઘેર બેઠાં રોજગારી મળી રહે તેવા વિશાળ હેતુને ધ્યાને લઇ કુટિર ઉદ્યોગના હિમાયતી વનિતાબેન સમાજના નબળાં વર્ગના બહેનો પાસે જઇને તેઓને સિલાઇ કામ, ભરત ગૂંથળ જેવા હુન્નર શીખવે છે અને એ રીતે બહેનોને પગભર થવામાં મદદરૂપ થાય છે. ખરેખર મહિલાઓ ઘેર બેઠાં કશુંક કાર્ય કરી શકે કે જેમાં આર્થિક વળતર તો મળે જ પરંતુ સાથે સાથે કશુંક કર્યાનો સંતોષ પણ મળે તેવી પ્રવૃત્તિ વનિતાબેન મહિલાઓને શીખવાડે છે અને એ રીતે વિશ્વકર્મા પ્રભુએ તેમને આપેલી આવડત, કલાનો અન્યને પણ લાભ આપે છે.

તેમનો જન્મ ૨૮ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ થયેલો છે. અભ્યાસમાં નોનમેટ્રિક છે પરંતુ સિવણકલા, ભરતગૂંથણ ક્ષેત્રે તેઓ ખૂબ આગળ વધેલા છે અને પોતાના આ હુન્નર દ્વારા તેઓ પોરબંદરની અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે અને તાલીમ આપીને બહેનોને પગભર કરવાનું પ્રશસ્ત કાર્ય કરી રહ્યા છે. તેમના પતિ પ્રભુદાસભાઇ દુધૈયા તરફથી તેમને સારો સહકાર મળી રહે છે. હાલમાં તેમનો પરિવાર પોરબંદર મુકામે સ્થાયી થયેલો છે. જલારામ કોલોની, પિતૃ આશીષ પોરબંદર મુકામે તેઓ પરિવાર સાથે રહે છે અને કોલોનીની બહેનામાં પણ જાણીતા મહિલા કહી શકાય. તેઓ પોરબંદરના જુદા જુદા સમાજમાં પોતાના એક મહિનાના પ્રેક્ટિસ કેમ્પ ખોલે છે અને ખાસ કરીને આર્થિક રીતે નબળી બહેનોને સિલાઇ, ભરતગૂંથણ જેવી હુન્નરકલાઓ ટૂંકા ગાળામં શીખવે છે અને આ પણ એક સમાજસેવા છે અને વનિતાબેન પણ ખરા અર્થમાં સામાજિક કાર્યકર બની રહ્યા છે. વર્તમાન સમયે પણ તેમનો આ સેવાયજ્ઞ અવિરત ચાલું છે.



૧૯૮૨ની સાલથી તેઓશ્રી દાન ભુવન ટ્રસ્ટમાં સિવણ અને ભરત ગૂંથણના શિક્ષક તરીકે મહત્ત્વની કામગીરી કરે છે. આ ટ્રસ્ટ જરૂરિયાતમંદ મહિલાઓના શિક્ષણના વર્ગો ચલાવે છે. જેમાં સિવણનો પણ સમાવેશ થાય છે. ૧૯૮૮ની સાલથી 'માલદેવજી આડેદરા કોલેજ'માં પાર્ટ ટાઇમ સિવણ અને કટીંગના શિક્ષિકા તરીકે સેવાઓ આપે છે. તેમના દ્વારા ૨૦૦૭થી ગોધાનીયા કોલેજ હોસ્ટેલમાં ફર્સ્ટ બેચથી તાલીમી વિદ્યાર્થીઓને સિવણનું શિક્ષણ આપવામાં આવે છે.

આ રીતે તેઓશ્રી સિવણ ક્ષેત્રે જુદી જુદી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ફેશનેબલ સ્ત્રીઓનાં પરિધાન, બાળકોના પોષાક વગેરેમાં સ્પેશિયાલીસ્ટ છે. તેઓ અવનવી ડિઝાઇનના પહેરવેશ તૈયાર કરી શકે છે અને સાંપ્રત સમયના પહેરવેશની ફેશનથી માહિતગાર છે.

જુદી જુદી સંસ્થાઓ અને સમાજમાં કોઇ પણ જાતના નાતજાતના ભેદ વગર તેઓ મહિલાઓને સિવણ અને ભરતગૂંથણની તાલીમ આપે છે અને નજીવી ફી લઇને એક માસનો કોર્ષ તેઓ કરાવે છે અને એ રીતે સમાજઉપયોગી પ્રવૃત્તિમાં કાર્યરત છે. કેટલીક સંસ્થાઓ તરફથી તેમને પ્રમાણપત્ર પણ મળેલ છે જે અંગે અહીં સંક્ષિપ્ત રીતે જોઇએ :

- પોરબંદર વિસ્તારમાં વ્યવસાય અને ઉદ્યોગ ધંધામાં વિશિષ્ટ કામગીરી અંગે - પોરબંદર તાલુકામાં અને આજુબાજુના વિસ્તારમાં મોટા ઉદ્યોગ-ધંધા તો ખૂબ ચાલે છે પરંતુ કુટિરમાં જયોત પ્રગટાવે એવા સિવણકામ, એમ્બ્રોડરી, છાપણી અને ડિઝાઇન અંગે દાન ભુવન સિવણ-કલાસના સંચાલિકા બહેન તરીકે શ્રીમતી વનિતાબેન એક શિક્ષિકા બનીને નબળા સમાજની એક અખંડ સેવા કરી રહ્યા છે જે સેવા એક મોટું વટવૃક્ષ બને તેવી અભ્યર્થના. (૪-૨-૧૯૯૪) તાલુકા વિકાસ અધિકારી, પોરબંદર.
- આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે બહેન વનિતાબેન પી. દૂધૈયા (ગજ્જર)નો પોરબંદરના એક સામાજિક કાર્યકરમાં સમાવેશ થાય છે. તેઓ કોઇ પણ જાતિના ભેદભાવ વગર અનુસૂચિત જાતિ તથા જનજાતિના તેમજ નબળા વર્ગના બહેનોના ઉત્કર્ષ માટે ઉત્તમ સેવા આપી રહ્યાં છે. (વસંતબેન પરમાર) આંબેડકર યોજના નિયમ ૬-ક પ્રમાણે રાજય તથા રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા બહેન વસંતબેન પરમાર તરફથી પ્રમાણપત્ર મળ્યું છે.
- ગુરૂકુળ મહિલા કોલેજ પોરબંદર - વનિતાબેન પી. દૂધૈયાઓને સિવણ-ભરત-એમ્બ્રોયડરી-ગૂંથણની તાલીમ આપી મહિલાઓને પગભર કરી સ્વરોજગારી માટે તાલીમ આપેલ છે. (દેવેન્દ્ર આચાર્ય)- પ્રિન્સિપાલ.
- આ ઉપરાંત વાલ્મિકી સમાજ, સ્ત્રી નિકેતન પોરબંદર, સમસ્ત પોરબંદર વણકર જ્ઞાતિ સમાજ - વગેરે સંસ્થાઓ અને જ્ઞાતિસમાજ તરફથી પ્રમાણપત્ર આપીને વનિતાબેનના સેવાયજ્ઞની નોંધ લેવામાં આવી છે. પછાત વર્ગ અને મધ્યમ વર્ગની મહિલાઓ માટે તેમનું યોગદાન નોંધનીય રહ્યું છે કારણ કે આવા હુન્નર અને કલાથી મહિલાઓ ઘરે બેઠાં કુટુંબને આર્થિક રીતે મદદરૂપ બની શકે છે.

તેમની આ સિવણ અને એમ્બ્રોડરી તથા ભરત-ગૂંથણની પ્રવૃત્તિ વર્તમાન સમયે પણ ચાલુ છે અને વિશ્વકર્મા પ્રભુના વંશજ એવા ગુર્જર સુતાર જ્ઞાતિ પોરબંદરના તેઓ પ્રતિભાશાળી મહિલા કાર્યકર છે અને આ ક્ષેત્રે તેઓ વિશેષ યોગદાન આપે અને મહિલા ઉત્કર્ષની પ્રવૃત્તિમાં વિશેષ સહભાગી બને તેવી શુભેચ્છા.